પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૪૩ | ૨૪ એપ્રિલ, ૨૦૧૭, સોમવાર ; ચૈત્ર વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ન્યુ ઈન્ડિયા માટે ૧૫ વર્ષનો રોડ મેપ

## નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની ત્રીજી બેઠકમાં વિવિધ પાસાઓ ઉપર ચર્ચા વિચારણા : જીએસટી એક રાષ્ટ્ર અને એક પ્રતિબદ્ધતા દર્શાવે છે : ન્યુ ઇન્ડિયાનું વિઝન તમામના સહકારથી સાકાર થશે : મોદી




નવી દિલ્હી,તા. ૨૩

દેશમાં ઝડપથી પરિવર્તન લાવવાના હેતુ સાથે નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની ત્રીજી બેઠક આજે યોજાઈ હતી. રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત કરવામાં આવેલી આ બેઠકનું નેતૃત્વમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યું હતું. સુત્રોના કહેવા મુજબ નીતિ(નેશનલ ઈન્સ્ટીટ્યુટ ફોર ટ્રાન્સફોર્મિંગ ઈન્ડિયા) આયોગની બેઠકમાં ભારતમાં પરિવર્તન લાવવા માટે આગામી ૧૫ વર્ષની રુપરેખા તૈયાર કરવામાં આવી હતી. આમા સાત વર્ષ માટેના વ્યૂહાત્મક દસ્તાવેજ તથા ત્રણ વર્ષના એક્શન પ્લાનનો સમાવેશ થાય છે. અત્રે નોંધનીય છે કે, આ બેઠકમાં કેબિનેટ પ્રધાન, રાજ્યોના મુખ્યમંત્રી, અધિકારી, નીતિ આયોગના સભ્યો અને ખાસ રીતે બોલાવવામાં આવેલા મહેમાન સામેલ થયા હતા. અલબત્ત પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી ઉપસ્થિત રહ્યા ન હતા. બેઠકમાં મોદીએ કહ્યું હતું કે, તેઓ આ

● અનુસંધાન પાન-૭ પર

# અખિલેશ, મુલાયમસિંહ અને માયાવતીનું સુરક્ષા છત્ર ઘટ્યું

## કુલ ૧૫૧ વીઆઈપીના પૈકી ૧૦૫ના સુરક્ષા છત્રને દૂર કરવાનો નિર્ણય : ૪૬ના કેસમાં સુરક્ષા જવાનો ઘટાડાયા

લખનૌ, તા. ૨૩

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં ઉત્તર પ્રદેશ સરકારે પૂર્વ મુખ્યમંત્રી મુલાયમસિંહ યાદવ, અખિલેશ યાદવ, માયાવતી, સમાજવાદી પાર્ટીના સાંસદ ડિમ્પલ યાદવ, રામગોપાલ યાદવ, સપાના નેતા શિવપાલ યાદવ, આઝમ ખાન સહિત અનેક વિપક્ષી નેતાઓના સુરક્ષા છત્રમાં ઘટાડો કરી દીધો છે. અખિલેશ, મુલાયમ અને માયાવતીની સુરક્ષામાં ઘટાડો કરવામાં આવતા આની ચર્ચા જોવા મળી રહી છે.



જો કે, કેટલાક નેતાઓની સુરક્ષા વ્યવસ્થામાં વધારો પણ કરવામાં આવ્યો છે જેમાં ભાજપના વરિષ્ઠ નેતા વિનય કટિયારનો સમાવેશ થાય છે. વિનય કટિયાર હવે ઝેડ કેટેગરીનું સુરક્ષામાં રહેશે. મુખ્ય સચિવ (ધ્રુવ), એડીજી ઈન્ટેલીજન્સ, એડીજી સિક્યુરિટીની બનેલી સુરક્ષા અંગેની સમિતિની બેઠક બાદ આ નિર્ણય લેવામાં આવ્યા હતા. બેઠકમાં ડીજીપી સુલખાન સિંહ પણ ઉપસ્થિત રહ્યા હતા. નિર્ણય તરત જ અમલી કરી દેવામાં આવ્યો હતો.

# તામીલનાડુમાં ભાજપ પનીરસેલ્વમના સહયોગથી પગપેસારો કરશે

## પનીરસેલ્વમની મદદથી કમળ ખીલાવવા માટે ભાજપ ઇચ્છુક તમિળનાડુમાં જારી રાજકીય ઘમસાણને લઇને ભાજપની નજર કેન્દ્રિત થઇ :પનીરસેલ્વમ વધુ વિશ્વસનીય નેતા છે



નવીદિલ્હી, તા. ૨૩

તમિળનાડુમાં જારી રાજકીય ઘમસાણ ઉપર ભાજપે નજર કેન્દ્રિત કરી દીધી છે. અન્નાદ્રમુકના બે જુથ વચ્ચે ચાલી રહેલી ખેંચતાણ અને રસાકસીમાં ભાજપે પોતાનો દાવ પૂર્વ મુખ્યમંત્રી ઓ પનીરસેલ્વમ ઉપર રમી દીધો છે. ભાજપ સાથે જોડાયેલા લોકોની દલીલ છે કે, સ્વર્ગસ્થ નેતા જયલલિતાની પ્રથમ પસંદ પનીરસેલ્વમ જ રહ્યા છે. જ્યારે જ્યારે જયલલિતાને હોદ્દા છોડવાની ફરજ પડી હતી ત્યારે તેઓએ પોતાની જગ્યા પનીરસેલ્વમને આપી હતી. આવી સ્થિતિમાં ભાજપનું માનવું છે કે, જયાની રાજકીય વિરાસતને આગળ વધારવા માટે પનીરસોલ્વમ ઉપયોગી છે. તમિળનાડુમાં રાજ્ય વિધાનસભાની ચૂંટણી આડે ચાર વર્ષથી વધુનો સમય

● અનુસંધાન પાન-૭ પર

# ભારત અને ઈઝરાયેલ વચ્ચે શ્રેણીબદ્ધ કરારો થઈ શકે છે

## મોદીની જુલાઈમાં ઇઝરાયેલની ઐતિહાસિક યાત્રા : યહૂદી દેશની યાત્રા કરનાર મોદી પ્રથમ વડાપ્રધાન બનશે

નવીદિલ્હી, તા. ૨૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઐતિહાસિક ઈઝરાયેલ યાત્રા ઉપર હવે તમામ દેશોની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. ઈઝરાયેલની યાત્રા દરમિયાન ભારત અને ઈઝરાયેલ વચ્ચે શ્રેણીબદ્ધ સમજૂતિ ઉપર હસ્તાક્ષર કરવામાં આવી શકે છે જેમાં સંરક્ષણ સોદાબાજીનો સમાવેશ થાય છે. ભારતીય નૌકા સેના માટે વધુ સુરક્ષાના પાસા ઉપર પણ ચર્ચા થશે. શ્રેણીબદ્ધ મેગા સંરક્ષણ સમજૂતિઓ કરવામાં આવનાર છે. યહૂદી દેશની મુલાકાત લેનાર મોદી પ્રથમ વડાપ્રધાન બનવા જઈ રહ્યા છે. જુલાઈ મહિનાની અંદર વડાપ્રધાન ઈઝરાયેલ પહોંચનાર છે. બીજી બાજુ ઈઝરાયેલી રાજદૂત ડેનિયલ કાર્મોને કહ્યું છે કે, મોદીની આ યાત્રા ખૂબ જ સિમાચિન્હરુપી સાબિત થશે. કારણ કે ચાવીરુપ ક્ષેત્રોમાં બંને દેશો દ્વિપક્ષીયરીતે સાથે મળીને આગળ વધવા માટે પ્રયાસ કરશે.

● અનુસંધાન પાન-૭ પર

# બિહારમાં એક્સપ્રેસ ટ્રેનના બે કોચ ખડી પડ્યા

## સહરસા રેલવે સ્ટેશન નજીક પટણા જતી ટ્રેન યાર્ડમાંથી નિકળીને પ્લેટફોર્મ ઉપર આવી રહી હતી ત્યારે બનાવ : ૩ કલાક સુધી ટ્રેન સેવાને અસર

પટણા, તા. ૨૩

સહરસા-પટણા રાજ્યરાની એક્સપ્રેસના બે ડબ્બા આજે પાટા પરથી ખડી પડ્યા હતા જેના કારણે સહરસા-માનસી અને સહરસા-માધુપુરા સેક્શન ઉપર ટ્રેન સેવા કલાકો સુધી ખોરવાઈ ગઈ હતી. બિહારના સહરસામાં આ બનાવ બન્યો હતો. જો કે, કોઈ ખુવારી ન થતાં તંત્રને રાહત થઈ હતી. ટ્રેન અકસ્માતોનો સિલસિલો યથાવતરીતે જારી રહ્યો છે. પટણા જતી ટ્રેન યાર્ડમાંથી મુખ્ય પ્લેટફોર્મ ઉપર આવી રહી હતી ત્યારે તેના ૧૯ ડબ્બા પૈકી બે ડબ્બા પાટા ઉપરથી ખડી પડ્યા હતા. ટેકનિકલ કારણસર આ બનાવ બન્યો હતો. સહરસાના અધિકારી નવી ચંદર યાદવે કહ્યું હતું કે, બે ડબ્બા પાટા પરથી ખડી પડવાના પરિણામ સ્વરુપે ટ્રેન સેવા આ રુટ ઉપર ત્રણ કલાક સુધી ખોરવાઈ ગઈ હતી. યાદવે કહ્યં હતું કે, આ ટ્રેન મોડેથી ૯.૩૦ વાગે પટણા માટે રવાના થઈ હતી. કોઈને પણ ઈજા થઈ ન હતી.



# કોઈપણ લશ્કરી હુમલા માટે આર્મી, નેવી અને એરફોર્સ તૈયાર છે

## જોરદાર હુમલાની તૈયારીરૂપે જોઇન્ટ ડોક્ટરિંગ તૈયાર થયું : આવરનાર સમયમાં કોઇપણ પારંપરિક લશ્કરી હુમલાથી લઇને દરેક લડાઈ માટે વધુ સારી રીતે તૈયારી હાથ ધરાશે

નવીદિલ્હી, તા. ૨૩

કોઈપણ સંઘર્ષની સ્થિતિમાં વધારે પ્રભાવશાળી તરીકાથી કાર્યવાહી કરવાના હેતુસર ભારતીય સૈન્ય બળો માટે એક નવી નીતિ તૈયાર કરવામાં આવી રહી છે. ભારતીય સૈન્ય બળોએ એક સંયુક્ત નીતિ અથવા તો જોઈન્ટ ડોક્ટરિંગને આખરી ઓપ આપી દેવામાં સફળતા મેળવી છે. આના હેઠળ ભારતીય સેના, નૌકા સેના અને હવાઈ દળ સાથે મળીને કામ કરશે. આનો મુખ્ય હેતુ આવનાર સમયમાં કોઈપણ પારંપરિક લશ્કરી હુમલાથી લઈને દરેક પ્રકારની લડાઈ માટે પોતાને વધુ સારીરીતે તૈયાર કરવાનો છે. જોરદાર હુમલાની તૈયારીના હેતુસર આનું નિર્માણ થયું છે. આર્મી, નેવી અને એરફોર્સ મળીને સાથે કામ કરશે.

સંરક્ષણ મંત્રાલયના સૂત્રોએ કહ્યું છે કે, આ જોઈન્ટ ડોક્ટરિંગ આશરે ૬૦ પાનામાં છે. આને સત્તાવારરીતે આગામી સપ્તાહમાં જારી કરવામાં આવનાર છે. જેમાં એકીકૃતરીતે સૈન્ય તાકાતના ઉપયોગ ઉપર ભાર મુકવામાં આવ્યો છે. આના ભાગરુપે સેનાઓની સૈન્ય ક્ષમતાઓમાં વધારો કરવામાં આવશે. સાથે સાથે મર્યાદિત બાજેટ હોવા છતાં હથિયારોના વધુ સારીરીતે ઉપયોગ ઉપર ભાર મુકવામાં આવશે. વધારે પ્રહાર કરવાની તાકાત વિકસાવવામાં આવશે.

સુત્રોના કહેવા મુજબ આ દસ્તાવેજમાં મળીને યોજના બનાવવા અને તેને અમલીકરણમાં મુકવા માટે વિસ્તારપૂર્વકની રુપરેખા તૈયાર કરવામાં આવી છે. આમા

● અનુસંધાન પાન-૭ પર

# હવે દેશમાં લાંબા અંતરની ટ્રેનમાં થ્રી-એસી કોચ વધશે

## રેલવે એરકન્ડીશન કોચોની વધતી માંગણીને પૂર્ણ કરવા માટે લાંબા અંતરની ટ્રેનોમાં નવી વ્યવસ્થા ગોઠવવા તૈયાર

નવી દિલ્હી, તા. ૨૩

રેલવે એરકન્ડીશન કોચની વધતી માંગને પૂર્ણ કરવા માટે લાંબા અંતરની ટ્રેનોમાં થ્રી એસી કોચની સંખ્યા વધારશે. રેલવેના આંકડા દર્શાવે છે કે, પહેલી એપ્રિલ ૨૦૧૬થી ૧૦મી માર્ચ ૨૦૧૭ વચ્ચે લાંબા અંતરની ટ્રેનોમાં ત્રણ એસી કોચમાં ૧૭ ટકા યાત્રીઓએ યાત્રા કરી હતી જે યાત્રી ભાડામાં થયેલી સારી આવકના ૩૨.૬૦ ટકાની આસપાસ છે. સ્લીપર ક્લાસની માંગમાં હવે ઘટાડાનો પ્રવાહ જોવા મળી રહ્યો છે. કારણ કે મોટાભાગના યાત્રી થ્રી એસીને અપનાવી રહ્યા છે. રેલવે મંત્રાલયના એક અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, લાંબા અંતરની ટ્રેનોમાં ધીમે ધીમે થ્રી એસી કોચોની સંખ્યા વધારવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. રેલવેએ તાજેતરમાં જ હમસફર

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### મમતા-કેજરીવાલ ગેરહાજર રહ્યા

નીતિ આયોગની ગર્વનિંગ



કાઉન્સિલની રવિવારે યોજાયેલી બેઠકમાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ ગેરહાજર રહ્યા હતા.

### યુપીના ૧૨ અધિકારીઓએ બ્લ્યુ લાઈટની પરવાનગી માંગી

ઉત્તરપ્રદેશના ૧૨ ઉચ્ચ



અધિકારીઓએ કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે પોતાની સરકારી ગાડી પર બ્લ્યુ લાઈટ લગાવવાની પરવાનગી માંગી છે.

### ચૂંટણી પંચ ૧૬ લાખ વીવીપેટ મશીન ખરીદશે

ચૂંટણી કમિશનરે ૧૬ લાખ



૧૫ હજાર વોટર વેરીફાયબય પેપર ઓડીટ ટ્રાયલ (વીવીપેટ) મશીન ખરીદવાનો ઈરાદો જાહેર કર્યો છે.

### એશિયન ગેમ્સમાંથી ક્રિકેટ આઉટ

એશિયન દેશોમાં ક્રિકેટની લોકપ્રિયતા અન્ય રમતોથી વધુ હોવા




છતાં ૨૦૧૮માં યોજાનાર એશિયન ગેમ્સમાંથી ક્રિકેટને હટાવાયુ છે. ઈન્ડોનેશિયામાં યોજાનાર રમતોત્સવમાં ૩૯ દેશો ભાગ લેશે.

### રાજઘાટ ગામમાં નથી વીજળી, નથી પાણી, નથી રોડ



રાજસ્થાનની બોર્ડર પરના ગામ રાજઘાટમાં હજુ પણ વીજળી, પાણી અને રોડની સુવિધા નથી. ૩૦૦-૩૫૦ની વસતી ધરાવતા આ ગામમાં કોઈ સગવડ ન હોવાના કારણે ગામના તબીબી શિક્ષણ પામેલ અશ્વિન પરાશે મધ્યપ્રદેશ અને રાજસ્થાન સરકારનું ધ્યાન દોર્યુ છે.

### વડનગર રેલવે સ્ટેશન ૮ કરોડના ખર્ચે વિકાસ પામશે




વડાપ્રધાન નરેન્દ્ર મોદી બાળપણમાં જે સ્થળે ચા વેચતા હતા તે વડનગરના રેલવે સ્ટેશનનો વિકાસ કરવાનો રેલ મંત્રાલયે નિર્ણય કર્યો છે. આ માટે ૮ કરોડની રકમ ફાળવવામાં આવી છે.







